નિયામક સમાજ સુરક્ષા ખાતું,
બ્લૉકનં.૧૬,ડૉ.જીવરાજ મેહતા ભવન,
સેકટર-૧૦-એ,ગુ.રા.,ગાંધીનગર

નં.સસુખા/કોવિડ-૧૯/તકેદારી/ ૮૫૭ /૨૦-૨૧

તા.૦૯/૧૨/૨૦૨૦

# પરિપત્ર

આથી સમાજ સુરક્ષા ખાતા હેઠળની તમામ સરકારી તથા ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, સમગ્ર દેશમાં કોવિડ-૧૯ અંતર્ગત વાઇરસ ફેલાતા દિન-પ્રતિદિન રાજ્યમાં કોવિડ-૧૯ અંતર્ગતના પોઝિટિવ કેસોની સંખ્યા વધતી જોવા મળે છે. સમાજ સુરક્ષા ખાતા હેઠળની નિવાસી તમામ સરકારી/ બિનસરકારી સંસ્થાઓ જેવી કે બાળગૃહ, ઓબ્ઝર્વેશન હોમ, પ્લેસ ઓફ સેફટી, ભિક્ષુક ગૃહો, વૃદ્ધાશ્રમો, દિવ્યાંગ કલ્યાણક્ષેત્રની નિવાસી સંસ્થાઓમાં પણ આપણા અંતેવાસીઓ કોવિડ-૧૯ પોઝિટિવ આવતા હોવાનું વિવિધ સંસ્થાના વડાઓ મારફત આ કચેરીના ધ્યાન પર મુકાયેલ છે. તેથી કોવિડ-૧૯ અંતગર્ત નીચે મુજબ ની સુચનાઓ સંસ્થાના નિવાસી અંતેવાસીઓને જ્યારે પોઝિટિવ અને ક્વોરન્ટાઇનમાં મૂકવામાં આવેલ હોય ત્યારે અંતેવાસીઓની અંગત કાળજી લેવા સારું મોકલી આપવામાં આવે છે. જેનો તમામ સરકારી/ બિનસરકારી તથા ગ્રાન્ટ લેતી તમામ સંસ્થાઓએ અમલ કરવાનો રહેશે તથા સબંધિત પોઝિટિવ/કવોરન્ટાઇન અંતેવાસી સંદર્ભે તેઓને જેમ બને તેમ વહેલી તકે સ્વસ્થ કરવા બાબતે કયા પ્રયાસો સંસ્થાના વડા મારફત કરવામાં આવ્યા, તે અંગેની નોંધ તેઓની કેસ ફાઇલ/અંતેવાસીના અંગત રેકર્ડમાં આધારો સાથે રાખવાની રહેશે. વડી કચેરીથી મુલાકાતે આવતા કે આગામી SDO નિરીક્ષણમાં વિઝીટ વખતે સંસ્થાના અંતેવાસીના આરોગ્ય તરફે કરેલા પ્રયાસોની ચકાસણી કરવામાં આવશે.

દરેક પોઝિટિવ/કવોરન્ટાઇન અંતેવાસીઓ માટે સરકારશ્રીની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
આ ઉપરાંત આ અંતેવાસીઓના આરોગ્યના હિતમાં નીચે મુજબની કાર્યવાહીઓ કરી શકાય.

(૧) સવારે પ્રાણાયમ / યોગ કરાવવાના રહેશે.

(૨)સવારના કુમળા તાપમાં અંતેવાસીઓને ૧૫થી૨૦ મિનીટ બેસાડવામાં આવે તે બાબત ઈચ્છનીય જણાય છે.

(૩) યોગ પુરા થયા બાદ યોગ્ય પૌષ્ટિક ગરમ નાસ્તો અને ત્યારબાદ ભોજન અંતેવાસીને આરોગ્ય વિભાગની સલાહ મુજબ આપવા.

(૪) અંતેવાસીને યોગ્ય માત્રામાં લીંબુ શરબત, મૌસંબી–સંતરાનો રસ તથા યોગ્ય માત્રામાં પુરતા તાજા ફળો અને લીલા નાળિયેર (દિવસમાં બે) પૂરા પાડવા.

(૫) આવા અંતેવાસીઓ માટે યોગ્ય માત્રા માં સવાર –સાંજ દૂધ તથા રાત્રે હળદરવાળું દૂધ આપવાનું ધોરણ રાખવું.

(૬) અંતેવાસીઓ આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ દવાઓ નિયમિત લે તે બાબતે અધીક્ષકશ્રીએ જાતે કાળજી લેવાની રહેશે .

(૭) સંસ્થામાં સારવાર દરમિયાન અંતેવાસીનું આરોગ્ય જોખમાતું જણાય તો વિના વિલંબે સરકારી હોસ્પિટલ માં ઇનડોર પેશન્ટ તરીકે સારવાર આપવાની રહેશે.

(૮) અંતેવાસી ને દિવસમાં એક વખત આયુર્વેદિક હોસ્પિટલમાંથી ઉકાળો મેળવીને અગર આયુર્વેદિક મેડિકલ સ્ટોરમાંથી મળતા ઉકાળા ખરીદીને તૈયાર કરાવી આપી શકાય.

(૯) અંતેવાસીઓનું નિયમિત ટેમ્પરેચર મપાય, ઓક્સિઝનનું માપન થાય તથા વરાળ નો નાસ લેવામાં આવે તેવી વ્યવસ્થા સંસ્થાના અધીક્ષક/વડાશ્રીએ ગોઠવવાની રહેશે તથા ઓક્સિઝન માપનની જાણકારી મુલાકાત લેતા આરોગ્યકર્મી/ડોક્ટરશ્રી/VMOશ્રી ને કરવાની રહેશે.

આ સુચનાઓને સમાજ સુરક્ષા હસ્તકની તમામ સંસ્થાઓએ અપનાવવાની રહેશે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓએ આ અંગે સંસ્થાના અધીક્ષકશ્રી તથા ફરજ પરના કર્મચારીઓને માર્ગદર્શિત કરવાના રહેશે અને અંતેવાસીઓની આરોગ્ય વિષયક કાળજી યોગ્ય રીતે લેવાય છે કે કેમ? તે અંગે ખાતરી કરવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા પ્રભાગ
ગુજરાત રાજ્ય ,ગાંધીનગર

નકલ રવાના

(૧) નાયબ નિયામકશ્રી,(તમામ) સમાજ સુરક્ષા પ્રભાગ, ગુજરાત રાજ્ય,ગાંધીનગરને જાણ સારૂં

(૨) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી(તમામ)ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં .

(૩) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી(તમામ)ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(૪) પ્રોગ્રામ મનેજરશ્રી,GSCPSને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં .

(૫) સમાજ સુરક્ષા ખાતાના હસ્તકની તમામ સરકારી/બિનસરકારી તથા ગ્રાંટ મેળવતી સંસ્થાઓના અધીક્ષક/વડાઓ પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ પહોંચ મેળવી આ પરિપત્રની નકલ પુરી પાડવા સારૂં.